www.edumatireals.in

ધોરણ :– 7 **પ્રથમ સેમેસ્ટર** કુલ ગુણ :– 80

વિષય :– ગુજરાતી

**પ્ર.1 નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો : [30]**

(1) સખી કેવા વાંસ વઢાવવાનું કહે છે ?
(a) આલાલીલા (b) સૂકા (c) ઊંચા (d) નીચા

(2) તરિયાતોરણમાં કયા વૃક્ષનાં પાનનો સમાવેશ થતો નથી ?
(a) આસોપાલવ (b) નાળિયેર (c) આંબો (d) કેળ

(3) 'આજની ઘડી રળિયામણી' કવિતાને કયા વિભાગમાં મૂકશો ?
(a) ભક્તિગીત (b) નવલકથા (c) આખ્યાન (d) ગરબી

(4) સખી ચોક શાનાથી પૂરવા કહે છે ?
(a) પાંદડાંથી (b) રંગથી (c) વાંસથી (d) મોતીડાથી

(5) 'પરીક્ષા' પાઠની શરૂઆતમાં લેખકે કઈ ઋતુનું વર્ણન કર્યુ છે ?
(a) શરદ (b) ગ્રીષ્મ (c) વસંત (d) પાનખર

(6) મહાદેવે પોતાનું દફતર કોને સોપ્યું ?
(a) નારજીકાકાને (b) માસીને (c) ખુશાલમાને (d) શંકાને

(7) ગામમાંથી લોકોનાં હળ માગીને કોણે ખેતર વવરાવ્યું હતું ?
(a) મહાદેવે (b) કાકાએ (c) ખુશાલમાએ (d) પન્નાલાલ પટેલે

(8) મહાદેવની આંખમાં માનવતાની સરવાણી કોણે જોઈ ?
(a) માસીએ (b) શંકરે (c) ઈન્સ્પેક્ટરે (d) નારજીકાકાએ

(9) "પરીક્ષા" વાર્તાના લેખકનું નામ જણાવો.
(a) પન્નાલાલ પટેલ (b) કાકા કાલેલકર (c) ધૂમકેતુ (d) પ્રવીણ દરજી

(10) ગાંધીજીએ મુસાફરી માટે કયા વાહનનો ઈન્કાર કર્યો ?
(a) મોટરગાડીનો (b) વિમાનનો (c) બસનો (d) સલૂનનો

(11) ગરમીના દિવસોમાં બાપુજી બપોરનું ભોજન કેટલા વાગ્યે લેતા ?
(a) 12 વાગ્યે (b) 1 વાગ્યે (c) 10 વાગ્યે (d) 2 વાગ્યે

(12) ગાંધીજી મનુબહેનને રેલવેના ડબાની બારીની બહાર શું બતાવવા માગતા હતા ?
(a) વૃક્ષો (b) ખેતરો (c) રસ્તા (d) લટકતા લોકો

(13) મનુબહેન ગાંધીજીનાં શું થતાં હતાં ?
(a) પૌત્રી (b) દોહિત્રી (c) ભત્રીજી (d) બહેન

(14) લેખિકાએ 'હિન્દુસ્તાનના પિતા ' કોને કહ્યા છે ?
(a) કાકા સાહેબને (b) પન્નાલાલને (c) ગાંધીજીને (d) કિશોરલાલ મશરૂવાળાને

(15) ચોમાસું કયાં ગાજે છે ?
(a) ગાનમાં (b) સીમમાં (c) રાનમાં (d) વાડમાં

(16) વાયરા શો સંદેશો લાવશે ?
(a) પંખી બેઠું (b) મકાન બેઠું (c) ચોમાસું બેઠું (d) વરસ બેઠું

(17) વીજળીની રોશની શાનાથી ઝાંખી થતી હતી ?
(a) નિલથી (b) સાંજથી (c) ધૂમાડાથી (d) સવારથી

(18) મૃત્યુના મુખમાંથી છોકરાને કોણે બચાવી લીધો ?
(a) મોટરે (b) ટ્રકે (c) શોફરે (d) બસે

(19) "ભીખુ" પાઠની ઘટના કયા શહેરની છે ?
(a) વીરપુર (b) દિલ્લી (c) ગોંડલ (d) અમદાવાદ

(20) 'જીવનપાથેય' પાઠ લેખકના કયા પુસ્તકમાંથી લીધો છે ?
(a) જીવનલીલા (b) રામલીલા (c) સ્મરણયાત્રા (d) સ્મરણલીલા

(21) 'દતુને કોલેજમાં નથી જ મોકલવો' એવું પહેલેથી કોણે નક્કી કર્યુ હતું ?
(a) માતાએ (b) ભાઈએ (c) પિતાજીએ (d) મામાએ

Download From : http://www.edumatireals.in

www.edumatireals.in

(22) એ વખતે એન્જિનિયરિંગમાં જવા માટે કઈ પરીક્ષા પાસ કરવી પડતી ?

(a) એચ.એસ.સી (b) પ્રીવિયસ (c) એસ.એસ.સી. (d) જી.પી.એસ.સી.

(23) લેખકના પિતાશ્રી કયા રાજયના ટ્ઝરી ઓફિસર હતા ?

(a) નાશિક (b) હરિદ્વાર (c) વર્ધા (d) સાંગલી

(24) દિયર શાનો સરદાર છે ?

(a) ગામનો (b) શહેરનો (c) આળસુનો (d) લશ્કરનો

(25) દિયરે ભાભીને કેવાં કહ્યાં છે ?

(a) કેસરભીનાં (b) અજ્ઞાની (c) જ્ઞાની (d) સમજદાર

(26) લેખકની દૃષ્ટિએ 'બા' એટલે –

(a) નિરંતર ઉદ્યોગ (b) બેઠી દડીની (c) પંચોતેર વરસની (d) આળસુ, ઘમંડી

(27) બા શાની ખેરાત કરતાં હતાં ?

(a) ફળો–ફૂલોના બીજની (b) લીબુની (c) દાડમની (d) અનાનસની

(28) બા છાબડીમાં શું ભરીને મંદિરમાં મોકલતાં ?

(a) કંકુ (b) ચોખા (c) ફૂલો (d) અબીલ, ગુલાલ

(29) ચકતો પદાર્થ જમીન પર કયાં ઊતર્યો ?

(a) સોસાયટીમાં (b) બગીચામાં (c) મોટા મેદાનમાં (d) સીનેમામાં

(30) પરગ્રહવાસીઓએ કયો એક જ રંગ જોયો છે ?

(a) પીળો (b) તરંગ (c) લાલ (d) સફેદ

**પ્ર.2 (A) સમાનાર્થી શબ્દ લખો : (કોઈપણ ચાર)** **[02]**

(1) રહેમ (2) મુસાફરી (3) પાન

(4) ગાય (5) આકાશ

**પ્ર.2 (B) વિરોધી શબ્દ લખો : (કોઈપણ ચાર)** **[02]**

(1) મંગળ (2) નફો (3) લીલું

(4) તડકી (5) પસંદ

**પ્ર.2 (C) જોડણી સુધારો : (કોઈપણ ચાર)** **[02]**

(1) પુથ્વી (2) સાયકલ (3) રૂપીયા

(4) પરિક્ષા (5) પુજય

**પ્ર.2 (D) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (કોઈપણ ત્રણ)** **[03]**

(1) જેનો પતિ હયાત હોય તેવી સ્ત્રી

(2) ગાયોનું ટોળું

(3) દેશી દવા મળવાનું સ્થળ

(4) ઉતમ પ્રકારની સ્ત્રી

**પ્ર.2 (E) નીચેના વાકયો કયા કાળનાં છે તે લખો : (કોઈપણ બે)** **[02]**

(1) પરીક્ષામાં હું પહેલો આવીશ.

(2) વિજ્ઞાનમાં એમને ખૂબ રસ હતો.

(3) વલયને તેનાં મમ્મી ઢંઢોળી રહયાં છે.

**પ્ર.2 (F) નીચેના વાકયોમાંથી વિશેષણ શોધી લખો : (કોઈપણ બે)** **[02]**

(1) એનો ગભરુ જીવ રડી પડયો

(2) મને જીવનમાં અમૂલ્ય પાઠ મળ્યો

(3) વાડામાં ઔષધીય છોડ પણ મળે જ.

Download From : http://www.edumatireals.in

www.edumatireals.in

**પ્ર.2 (G) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાકયપ્રયોગ કરો : (કોઈપણ બે)** **[02]**

(1) કાપલો કાઢી નાખવો

(2) નાક રહેવું

(3) હાથે ચડવું

**પ્ર.3 (A) નીચેના પ્રશ્નોના એક–બે વાકયમાં જવાબ લખો : (કોઈપણ દસ)** **[10]**

(1) 'આજની ઘડી રળિયામણી' કાવ્યના કવિનું નામ જણાવો.

(2) શાળાએ જતા છોકરાઓ શાના વિશે વાત કરતા જતા હતા ?

(3) ગાંધીજીએ નોઆખલીના યજ્ઞમાં પોતાની સાથે ભાગીદાર થવા કોને રજા આપી ?

(4) લીલાશ કયાં સૂતેલી છે ?

(5) રાનમાં કાવ્યના કવિનું નામ શું છે ?

(6) લેખક અકસ્માતથી બચવા કયા ચાલતા હતા ?

(7) લેખકની દૃષ્ટિ કયાં–કયાં પદાર્થો પર ફરી વળી ?

(8) કાકાસાહેબ કાલેલકરને ગાંધીજીએ કય બિરુદ આપ્યું હતું ?

(9) દિયરને જાવા બંદરે શા માટે જવું છે ?

(10) બાનું જીવનસૂત્ર શું હતું ?

(11) દોરડા પર ચાલતા નટના હાથમાં શું છે ?

(12) બા દેખાવે કેવાં હતા ?

**પ્ર.3 (B) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : (કોઈપણ પાંચ)** **[10]**

(1) વિદ્યાર્થીઓ નિશાળે જતા હતા તે દિવસના કુદરતી વાતાવરણનું વર્ણન ત્રણ–ચાર વાકયમાં કરો.

(2) ગાંધીજીએ પટનાથી દિલ્લી જતાં મનુબહેનને શી જવાબદારી સોંપી ?

(3) વાડામાં ઊગતાં ફૂલોનો બા શો સદ્દુપયોગ કરતાં ?

(4) પરગ્રહનું યાન કેવું લાગતું હતું ? વર્ણન કરો.

(5) લેખક ચાલતાં – ચાલતાં કયો અટકી ગયાં ત્યાં તેમણ શું જોયું ?

(6) કાકાસાહેબ કાલેલકરના પિતાશ્રી શરૂઆતમાં એમને કોલેજમાં મોકલા કેમ ઈચ્છતા ન હતા ?

**પ્ર.4 (A) નીચેના વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આશરે 14 વાકયોમાં નિબંધ લખો :** **[07]**

(1) વર્ષાઋતુ

(2) એક નદીની આત્મકથા

(3) 15 મી અગસ્ટ

**(B) પત્ર** **[05]**

✷ શાળામાં ઉજવાયેલા રમતોત્સવનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

**અથવા**

**(B) વાર્તા**

✷ **મુદ્દાઓ** : એક ખેડૂત – ચાર દીકરા – ચારે દીકરા આળસુ – ખેડૂતને ચિંતા – ખેડૂતની માંદગી – ચારે દીકરાઓને બોલવવા – ખેતરમાં રૂપિયા ભરેલા ચરુ છે એમ કહેવું – અવસાન – દીકરાઓએ ખેતર ખોદી કાઢવું – રૂપિયા ન મળવા – બી વાવવા – સારો પાક થવો – બોધ.

**(C) નીચેની પંકિતઓ છ–સાત વાકયોમાં અર્થ વિસ્તાર કરો : (ગમે તે એક)** **[03]**

(1) આચરણ એ જ ઉપદેશ

**અથવા**

નિષ્ફળતા જ સફળતાની ચાવી છે.

Download From : http://www.edumatireals.in